પીડીઈયુ ખાતે પદવીદાન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૧૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પંડિત દીન દયાળ એનર્જી યુનિવર્સિટીના નવમાં પદવીદાન સમારોહમાં વિદ્યાર્થીઓને સંબોધન કરતા ઉર્જા ક્ષેત્રે આવેલા બદલાવને સ્વીકારી નવા વિકલ્પો તૈયાર કરવાનું આહ્વાન કર્યું હતું. મુખ્યમંત્રીએ કેન્દ્રીય મંત્રી હરદિપસિંહ પૂરી, પી.ડી.ઈ.યુ ના પ્રેસિડેન્ટ મૂકેશ અંબાણીની વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિતીમાં યુનિવર્સિટીના આ નવમા પદવીદાન સમારોહમાં ૧૫૬૩ યુવાનોને ગ્રેજ્યુએશન, ૪૦ વિદ્યાર્થીઓને પી.એચ.ડી ડીગ્રી અને ૧૦૨ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને મેડલ એનાયત કર્યા હતા.

આ પ્રસંગે શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણી, રાજ્યમંત્રી કુબેરભાઈ ડિંડોર સહિત યુનિવર્સિટીના ગર્વનીન્ગ કાઉન્સીલના પરિમલ નથવાણી અને અન્ય સભ્યો તથા સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન ડૉ. હસમુખ અઢિયા અને યુનિવર્સિટીના પ્રાધ્યાપકો, ડીગ્રી પ્રાપ્ત વિદ્યાર્થીઓના પરિવાર જનો તેમજ રાજ્ય સરકારના સંબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવો આ પદવીદાન સમારોહમાં જોડાયા હતા.

"ગગનયાન"ની ઓળખ સાથે સાયન્સ આઉટરિચ કાર્યક્રમનું સમાપન

સમાપન સત્રમાં ઇસરો-બેંગલુરુના હ્યૂમન સ્પેસ ફ્લાઇટ સેન્ટરના ડાયરેક્ટર આર. ઉમામહેશ્વરન અને સેકના ડાયરેક્ટર નિલેષ એમ દેસાઇએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા : ભાગ લેનાર વિદ્યાર્થીઓને ઇનામો અને સર્ટિફિકેટથી સન્માનિત કરાયાં

ગાંધીનગર, તા.૧૧

આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે ઈસરો -સેક દ્વારા ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી - ગુજકોસ્ટ અને ગુજરાત સાયન્સ સિટીના સંયુક્ત ઉપક્રમે ભારતના હ્યુમન સ્પેસફ્લાઈટ પ્રોગ્રામ - ગગનયાન વિશે જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશથી સાયન્સ સિટી ખાતે આયોજિત સાયન્સ આઉટરીચ પ્રોગ્રામનું તા.૯મી એપ્રિલે સમાપન યોજાયું હતું. સમાપન સત્રમાં ઈસરો-બેંગલુરુના હ્યૂમન સ્પેસ ફ્લાઈટ સેન્ટરના ડાયરેકટર આર. ઉમામહેશ્વરન તેમજ સેકના ડાયરેક્ટર નિલેષ એમ દેસાઈ તથા ગુજકોસ્ટના એડ્વાઈઝર નરોત્તમ સાહુ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, સાયન્સ રસિકો અને નાગરિકો ઉત્સાહભેર જોડાયાં હતા.

આ૨.ઉમામહે શ્વ૨ને વિદ્યાર્થીઓને ગગનયાન પ્રોગ્રામના વિવિધ તબ્બકાઓ અને તેની પ્રક્રિયા વિશે જાણકારી આપી હતી અને ભારત માટે આ મિશનના મહત્વ અંગે માહિતી આપી હતી. નિલેષ એમ દેસાઈએ વિદ્યાર્થીઓને આ કાર્યક્રમ સાથે જોડાવા બદલ અભિનંદન આપ્યા હતા. ગુજકોસ્ટના એડ્વાઈઝર નરોત્તમ સાહુએ આ સફળ આયોજન બદલ સહુને બિરદાવી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સાત દિવસીય આ આઉટરિચ પ્રોગ્રામના ભાગરૂપે પ્રખર વૈજ્ઞાનિકો અને નિષ્ણાતોના સેશન્સ, અવકાશમાં જનાર પ્રથમ ભારતીય રાકેશ શર્મા સાથે લાઈવ સંવાદ, વિવિધ સ્પર્ધાઓ, મોડલ મેકિંગ, વકૃત્વ સ્પર્ધા જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. નિદર્શનમા મુકાયેલ ગગનયાનના ઓર્બિટલ ક્રૂ મોડ્યુલના મોડલે તમામ વયજૂથના લોકોમાં ગગનયાન વિશે જાણવાની ઉત્સ્કુતા વધારી હતી. સાયન્સ આઉટરિચ પ્રોગ્રામના સમાપન સમારંભ ભાગ લેનાર વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે ઈનામો અને સર્ટિફિકેટ વિતરણ કરવામાં આવ્યા હતા.

દસ ગામના જરૂરિયાતમંદ લાભાર્થીઓને આત્મન ફાઉન્ડેશનની "હૂંફનો હાથ"

ગાંધીનગર, તા.૧૧

શહેરની જાણીતી સેવા સંસ્થા આત્મન ફાઉન્ડેશન દ્વારા મકાખાડ ખાતે નિર્માણ પામનાર રેવા ગ્રામ સેવા સંકુલના કેમ્પસમાં હૂંફનો હાથ - પ્રસાદ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ અંતર્ગત માણસા તાલુકાના રામપુરા, ઈન્દ્રપુરા,ગલથરા, પરબતપૂરા, માણેકપુર, બદપુરા, પ્રતાપનગર, મકાખાડ, વરસોડા, અંબોડ - એમ દસ ગામના ૮૦ જેટલા જરૂરિયાતમંદ લાભાર્થીઓને અનાજની કીટ, સ્લીપર વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મહેમાન તરીકે ઉપસ્થિત ગાંધીનગર જિલ્લા ભાજપ પ્રમુખ અનિલભાઈ પટેલ, માણસા શહેર ભાજપ મહામંત્રી જયનારાયણસિંહ રાઓલ, માણસા ગાયત્રી મંદિરના વ્યવસ્થાપક ચિરાગભાઈ પટેલના હસ્તે કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેઓએ પ્રાસંગિક વક્તવ્ય આપ્યા હતાં અને સંસ્થાની પ્રવૃત્તિઓને બિરદાવી શુભેચ્છા પાઠવી હતી. ગોળ, ચોખા, તેલ, મગ, મગની દાળ, તુવર દાળ, ખાંડ, ચા, ન્હાવા - ધોવાના સાબુ વગેરે વસ્તુની કીટ આપવામાં આવી હતી. આત્મન સંસ્થાના ટ્રસ્ટીઓ તથા સહયોગીઓ સી.એલ. મહેતા, પ્રો. રાજેન્દ્રસિંહ વાઘેલા, અનિલભાઈ પટેલ, પ્રજ્ઞાબેન પટેલ, અશોકભાઈ ત્રિવેદી, હસમુખ મેકવાન, દિનેશ સંઘાડિયા, કિશોરભાઈ પટેલ, ગજેન્દ્રસિંહ વાઘેલા, આશાબેન પટેલ, જયંતીભાઈ ચૌધરી વગેરેએ પણ કીટનું વિતરણ કર્યું હતું તથા સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં જહેમત ઉઠાવી હતી. નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના અનિલભાઈ પટેલે ઉપસ્થિત ગ્રામજનોને અંધશ્રદ્ધા નિર્મૂલન અંગેની વિવિધ વાતો કરી સરસ જાણકારી આપી હતી. સી.એલ. મહેતાએ સંસ્થાનો પરિચય આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. રાજેન્દ્રસિંહ વાઘેલા અને પ્રજ્ઞાબેન પટેલે સંભાળ્યું હતું. સંસ્થા દ્વારા બધા લાભાર્થીઓ માટે ભોજન પ્રસાદની સુવિધા કરવામાં આવી હતી.

જંતુનાશક પર પ્રતિબંધ બજારમાં ખાતરની ખેંચ ઊભી કરશે, ખેડૂતોના ખર્ચમાં મોટો વધારો થશે

કૃષિ મંત્રાલય દ્વારા ૨૭ જેનેરિક એગ્રો-કેમિકલ્સ (કૃષિ-રસાયણો) પર સૂચિત પ્રતિબંધ દેશમાં છોડનું રક્ષણ કરતા રસાયણોની ઉપલબ્ધતા પર માઠી અસર કરશે, કારણ કે આ સ્થાનિક ઉપભોગના લગભગ ૫૦ ટકા માટે ઓળખ કરાયેલા મોલીક્યુલર્સ છે.

ગુજરાતમાં કપાસના ખેડૂતો માટે પેન્ડિમિથેલિન પર પ્રતિબંધ મોટા પાયે નુકસાનકારક પુરવાર થશે, કારણ કે એનો કોઈ વિકલ્પ નથી અને આ ઉત્પાદનની ભલામણ કૃષિ વિશ્વવિદ્યાલયોએ કરી છે. સરકારે ભારતમાં પેન્ડિમિથેલિનના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાની દરખાસ્ત રજૂ કરી છે, પણ હજુ પણ આ રસાયણ વપરાશમાં છે અને અમેરિકા, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, મેક્સિકો, જાપાન, કોલંબિયા, ચીનમાં એનો બહોળો ઉપયોગ થાય છે.

કપાસના પાક માટે મોટા ભાગના જંતુનાશકો પર સૂચિત પ્રતિબંધથી એકરદીઠ વાવેતરના કાચા માલના ખર્ચમાં બમણો વધારો થઈ શકે છે. જ્યારે અહમદનગરના રાહુરીમાં મહાત્મા ફૂલે કાશી વિદ્યાપીઠે ભલાણણ કરેલા પ્રેક્ટિસના પેકેજ મુજબ હાલના જંતુનાશક (એસિફેટ)નો છંટકાવ એક વાર કરવાનો કુલ ખર્ચ એકરદીઠ રૂ. ૪૫૦ આવે છે.

દહેજની ઓમ ઓર્ગેનિક કંપનીમાં વિસ્ફોટ

છ લોકોનાં મોત : કંપનીમાં રાસાયણિક પ્રક્રિયાને કારણે વિસ્ફોટ : બ્લાસ્ટની ઘટના પછી હાલોલ-ઘોઘંબા માર્ગ ઉપરાંત કંપનીની આજુબાજુના પાંચ કિ.મી. વિસ્તારના તમામ રસ્તા વાહનવ્યવહાર માટે બંધ કરી દેવાયા હતા

ભરૂચ,તા.૧૧

દહેજની ઓમ ઓર્ગેનિક કંપનીના પ્લાન્ટમાં રવિવારની મોડી રાતે બ્લાસ્ટ થયો હતો. આ પ્લાન્ટમાં કેમિકલ રિએક્શનથી વિસ્ફોટ થતા છ કામદારોના મોત નીપજ્યા છે. જ્યારે એક કામદાર હજુ લાપતા છે. કંપનીમાં રાસાયણિક પ્રક્રિયા દરમિયાન આ વિકરાળ આગ લાગી હતી. હાલ ફાયર વિભાગે કલાકોની જહેમત બાદ આગ પર કાબૂ મેળવી લીધો છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, દહેજની ઓમ ઓર્ગેનિક કંપનીમાં રાસાયણિક પ્રક્રિયા ચાલી રહી હતી. આ દરમિયાન રવિવારે રાતે અચાનક વિસ્ફોટ થતા આગ લાગી હતી. જેના કારણે ધડાકાભેર વિસ્ફોટ થયો હતો. જોના કારણે ધુમાડાના ગોટેગોટા દૂરદૂરથી ઉડતા જોવા મળી રહ્યા હતા. આગને કારણે બધુ જ બળીને ખાખ થઈ ગયુ. ભીષણ આગને પગલે ફાયરબ્રિગેડની ટીમે કલાકો આગ પર કાબૂ મેળવવનો પ્રયાસ કર્યો હતો. આ વિકરાળ આગે છ લોકો દાઝી જતા મોતને ભેટ્યા હતા. જ્યારે એક વ્યક્તિ લાપતા બન્યો હતો. કંપનીમાં ફાયર સેફ્ટીને લઈને પણ પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. થોડા દિવસ પહેલા પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના રણજીતનગરમાં આવેલી ગુજરાત ફ્લોરો કેમિકલ કંપનીમાં સવારે બ્લાસ્ટ સાથે પ્રચંડ આગ ફાટી નીકળવાની ઘટના ઘટી છે. જેમા છ કામદારના મોત નીપજ્યા હતાં.

આ બનાવમાં દાઝેલા ૧૫ કામદારોને હાલોલની રેફરલ અને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

કંપનીમાં બ્લાસ્ટની ઘટના પછી હાલોલ-ઘોઘંબા માર્ગ ઉપરાંત કંપનીની આજુબાજુના પાંચ કિ.મી. વિસ્તારના તમામ રસ્તા વાહનવ્યવહાર માટે બંધ કરી દેવાયા હતા. ઘટનાસ્થળની નજીક ત્રણ ગામના લોકોને સલામત સ્થળે ખસી જવા સૂચના આપવામાં આવી હતી.

આજે ઈન્ડિયન લાયન્સના ચીફ પેટ્રનની સ્વર્ણિમ ક્લબ ખાતે મુલાકાત

ગાંધીનગર, તા.૧૧

ઈન્ડિયન લાયન્સના ચીફ પેટ્રન હિતેશભાઈ પંડ્યાની સંસ્થાની ગાંધીનગરની સ્વર્ણિમ ક્લબ ખાતે મુલાકાતનો કાર્યક્રમ તા.૧૨મી એપ્રિલ મંગળવારના રોજ સાંજે ૬ કલાકે શહેરના રાયસણ વિસ્તારમાં રોસીતા કેફે ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં સંસ્થાના ચીફ પેટ્રન હિતેશભાઈ પંડ્યા ઉપરાંત ઈમિજિયેટ પાસ્ટ નેશનલ ચેરપર્સન આશાબેન પંડ્યા, નેશનલ વાઈસ ચેરમેન વનરાજસિંહ ગરૈયા, નેશનલ કો.ચેરમેન ધીમંતભાઈ શેઠ, નેશનલ સેક્રેટરી રેખાબેન ચેટર્જી, સ્ટેટ પ્રેસિડન્ટ વિજયાબેન કટારિયા અને નોર્થ સેક્ટર ચેરમેન રાધેશ્યામભાઈ યાદવ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં ઈન્ડિયન બાઈકસ સ્વર્ણિમ ગાંધીનગર ક્લબના તમામ હોદ્દેદારો તથા સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

મહેસાણામાં રામનવમી નિમિત્તે વિશાળ રાષ્ટ્રધ્વજ સાથે સૌર્ય મહાયાત્રા નીકળી

ગાંધીનગર, તા. ૧૧

રામનવમીના પાવન પર્વની ઉજવણી મહેસાણા જિલ્લાના ઈતિહાસમાં લાંઘણજ ગામે કરવામાં આવી જેમાં ૧૫૫૧ ફૂટ લંબાઈ અને ૧૦ ફૂટ પહોળાઈ ધરાવતા વિશાળ રાષ્ટ્રધ્વજ સાથે શૌર્ય મહાયાત્રા નીકાળવામાં આવી જેમાં હર્ષો ઉલ્લાસપૂર્વક ગ્રામજનો જોડાયા અને ગામ માં ઈતિહાસ રચી દીધો. સમગ્ર યાત્રા આખા ગામમાં ફરી અને એમાં કિશન રાવલ રોકસ્ટાર કે જેઓએ પોતાના ગામ માં દેશ ભક્તિ અને રામના સ્મરણ કરાવી આખા ગામને દેશભક્તિના તાલે ઝુમાંવી દીધા. યાત્રામાં સ્કૂલના બાળકો અલગ અલગ વેશભુષા ધારણ કરી જોડાયા હતા. સમગ્ર યાત્રાનું સમાપન આખા ગામમાં ફર્યા પછી રામજી મંદિર ખાતે ધજા ચડાવી પછી સમાપન કરવામાં આવ્યું હતું. યાત્રાનો મુખ્ય હેતુ આજના યુવાનોમાં દેશપ્રેમ અને ભારતીય વારસાને ઉજાગર કરવાનો હતો.

કાર્યક્રમમાં લાંઘણજ ગામના વતની દલીપભાઈત્રિવેદી ,ગુજરાતપ્રદેશ પ્રમુખ, વિશ્વ હિન્દુ પરિષદ તથા બીજા દિલીપભાઈ ત્રિવેદી(પૂર્વપ્રમુખ મહેસાણા જિલ્લા મહેસાણા વિશ્વ હિન્દુ પરિષદ) મહેસાણા જિલ્લા બજરંગદળના પ્રમુખ આશિષભાઈ રાઠોડ રાધે રાધે ગૃપ ગાંધીનગરના કાર્યકર્તાઓ તથા સમસ્ત ગામજનો, ધી યુનિયન હાઈસ્કૂલ લાંઘણજના વિદ્યાર્થીઓ અને સ્ટાફના સહકારથી સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન અને યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપ દ્વારા માર્શલઆર્ટ્સનું પર્ફોર્મન્સ

ગાંધીનગર, તા. ૧૧

રામ નવમીનાં દિવસે દહેગામ અને મહેસાણા ખાતે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે ભગવાન રામજી, ભાઈ લક્ષ્મણ અને સીતાજી રથમાં બીરાજી નગરચર્ચાએ નિકળી ભાવિ-ભક્તોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દર્શનનો લાભ લીધો હતો સાથે બંન્ને તરફ રામ નવમીની ભવ્ય શોભાયાત્રામાં ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન અને યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપનાં બાળકો દ્વારા માર્શલઆર્ટ્સનું પર્ફોર્મન્સ બતાવવામાં આવ્યું હતું જેમાં નાન-ચાકુ, લાઠીદાવ, તલવારબાજી, નળિયા બ્રેકિંગ, ઈંટ બ્રેકિંગ, ફાઈટ જેવા અનેક કરતબો બતાવવામાં આવ્યાં હતાં અને લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યાં હતાં સાથે સૌ લોકો મંત્રમુગ્ધ થઈ ગયાં હતાં અને બાળકોમાં પણ એક અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

ડો. કીર્તિ ક્લાસ ખાતે વાર્ષિક કાર્યક્રમનું આયોજન

ડૉ. કીર્તિ ક્લાસ દ્વારા પ્રસંગ ફાર્મ ગાંધીનગર ખાતે વાર્ષિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટમાં તમામ ફેકલ્ટીઓ સાથે ૬૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓના મનોરંજન માટે વિવિધ રમતો અને ડીજે પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. તમામ સ્ટાફ સભ્યોએ ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષા સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ અભિનંદન પાઠવ્યા અને તેના ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વાદ આપ્યા.

ગુજરાત વિધાનસભા ખાતે પૂજય કસ્તુરબા અને સરદારસિંહ રાણાના જન્મદિન નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરતાં વન પર્યાવરણ મંત્રી કિરીટસિંહ રાણા

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત વિધાનસભા પોડિયમ ખાતે પૂજય કસ્તુરબા ગાંધી તથા સરદારસિંહ રાણાના જન્મદિવસ નિમિત્તે તેમના તૈલચિત્રોને વન પર્યાવરણ મંત્રી કિરીટસિંહ રાણાએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

પૂજય કસ્તુરબા ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કરતાં મંત્રી કિરીટસિંહ રાણાએ કહ્યું કે કસ્તુરબા ગાંધી પ્રેમ અને સમર્પણથી સભર એવું ભારતવર્ષનું એક આદરપાત્ર વ્યક્તિત્વ છે. કસ્તુરબાએ ગાંધીજી સાથે સંપૂર્ણ ધૈર્યથી આદર્શ સહધર્મચારીણીની માફક જીવનભર તેમનો સાથ નિભાવ્યો હતો અને અન્યાયી કાયદા સામે લડત આપી જેલવાસ પણ ભોગવ્યો હતો. મંત્રી કિરીટસિંહ રાણાએ સરદારસિંહ રાણાના આઝાદીકાળના પ્રસંગોને યાદ કરતાં જણાવ્યું કે ક્રાંતિકારી સ્વાતંત્ર્ય સૈનિક સરદારસિંહ રાણા શ્યામજી કૃષ્ણ વર્માના પરિચયમાં આવતાં આઝાદીના રંગે રંગાયા હતા.

શંકરસિંહ વાઘેલા બાપુ કોલેજ ખાતે એકિઝબિશનનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટયુટ ઓફ નર્સિંગના ચોથા વર્ષના બીએસસી નર્સિંગના વિદ્યાર્થીઓ માટે એકિઝબિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા અને ડાયરેક્ટર ઉપસ્થિત રહ્યા હતા. આ એકિઝબિશન સે-૨૯માં યોજાયું હતું. જેમાં નર્સિંગ કોલેજના ૨૦૦ વિદ્યાર્થીઓ અને ગામના નાગરિકોએ લાભ લીધો હતો.

મને ગમે છે

● અનુસંધાન પાંચમાનું ચાલુ

ફોરમ જેવાં અનેક સામાજીક પ્રવૃત્તીઓમાં વિસ્તરેલ છે. મારી સ્થાપેલી કંપની રોજગારી પુરી પાડવામાં પ્રવૃત્ત છે એવાં મારાં પ્રિય ગાંધીનગરને મારી સલામ...

આજ ગાંધીનગરે મારી કોસમોસ મેનપાવર કંપનીને ઓળખ આપી છે અને વધુમાં મારી સાથે મારાં સુખ દુઃખમાં સતત રહેનારાં સ્વજન જેવાં ઉત્તમ મિત્રોની ભેટ આપી છે એવાં મારાં પ્રીય ગાંધીનગરનો વધુ વિકાસ થાય તેવી અંતરની શુભેચ્છા.

ગાબડા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સર્વે કરાયો છે. જેના અંતે શહેરમાં વિવિધ માર્ગો અને ફુટપાથ પર નુકશાન થયુ તેનો તાગ મળ્યો છે જે મુજબ સે-૫, ૬, ૧૩,૧૫, ૧૬, ૧૭ અને સે-૨૦ સે-૨૧ , સે-૨૪ તેમજ સે-૨૭ તેમજ સિવિલ હોસ્પિટલ પાસેના રોડ નં -૩ ખ-૬ , ખ-૭ પાસે રસ્તાને નુકશાન થયુ છે. જયારે ફુટપાથનુ કુલ મળીને વિવિધ ૧૨ ઠેકાણે નુકશાન થયુ હોવાનુ સ્પષ્ટ થયુ છે. જેમાં ગ-૫ થી ખ-૫ બાજુ ખ-૫ સર્કલ પરથી આઇ ટી આઇ , એલ ડી આર પી પાસે ખ-૭ થી ખ-૬ અને ખ-૫ ખ-૪ તેમજ ખ-૨ થી ખ-૩ ખ-૨ થી ગ-૨ જયારે ગ -૬ સર્કલ આ ઉપરાંત ખ-૨ થી ખ-૩ તેમજ ઘ-૬ સર્કલ નજીકમાં સ્થિત વોક વે ને પણ નુકશાન થયુ છે.

આંતરિક માર્ગો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધકેલાઈ ગયા છે. જેના લીધે વરસાદી દિવસામાં સેકટરોના કોમન પ્લોટની સાથે હવે સેકટરોના આંતરિક માર્ગો પર વરસાદી પાણીનો ભરાવો થાય છે. શહેરના સેકટરોમાં છેલ્લા ઘણાં સમયર્થમાર્ગોની દશા ખરાબ છે. જયારે ગત ચોમાસાના અંતે સેકટરોના આંતરિક માર્ગોની અત્યંત ઉબડ ખાબડ જોવા મળી રહ્યા છે. પાટનગર યોજના વિભાગ દ્વારા શહેરના નવા અને જુના સેકટરોમાં માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત પણ કરવામાં આવી છે. જો કે હાલ પાણી ગટરની નવી લાઈન નાંખવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. જેથી માર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ધરવાનુ પણ શક્ય ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. પરંતુ હવે માર્ગ સુધારણાનુ કામ પણ કોર્પોરેશન કક્ષાએથી કરવામાં આવશે.

જયારે શહેરના મુખ્ય સાત ઉભા અને આડા માર્ગોની નિભાવણી માર્ગ મકાન વિભાગ દ્વારા કરવામાં આવશે. જે અંદાજિત ૭૦ કી મીના માર્ગોની જાળવણી માર્ગ મકાન વિભાગ હસ્તક રહેશે. શહેરના સેકટરોના આંતરિક માર્ગોની સાથે મુખ્યમાર્ગોના રીસરફેસીંગનુ કામ પણ લાંબા સમયથી અટવાયુ છે. અગાઉ વાઈબ્રન્ટ સમિટ વેળાએ આ કામગીરી હાથ ધરવા માટે આયોજન કરાયુ હતુ પરંતુ વાઈબ્રન્ટ સમિટ મોકુફ રહેતા માર્ગોની સુધારણાનુ કામ પણ અધુરુ રહ્યુ છે. સરકારી પ્લાન્ટમાંથી નગરના ઘ માર્ગના રીસરફેસીંગનુ કામ હાથ ધરવા માટે નિર્ણય લેવાયો હતો.

સફળ પરિક્ષણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા (ડીઆરડીઓ), ભારતીય વાયુસેના અને સેનાએ સંયુક્ત રૂપથી તેનું પરીક્ષણ કર્યું છે.

ડીઆરડીઓ અનુસાર હેલિના સિસ્ટમમાં દિવસ અને રાત્રે દરેક મોસમમાં હિટ કરવાની ક્ષમતા છે અને તે પરંપરાગત અને વિસ્ફોટક પ્રતિક્રિયાશીલ કવચની સાથે દુશ્મનની ટેંકોને મારી શકે છે. મિસાઈલ સીધી હિટ મોડની સાથે-સાથે ટોપ એટેક મોડ બંને લક્ષ્યને ભેદી શકે છે. મંત્રાલયે કહ્યું- પોખરણમાં કરવામાં આવેલા વેલિડેશન ટ્રાયલ્સના ક્રમમાં, ઉંચ ઉંચાઈ પર આ મિસાઈલની ચોકસાઈનું પ્રમાણ ધ્રુવ પર તેના એકીકરણનો માર્ગ મોકળો કરે છે. સેન્ટર ફોર એર પાવર સ્ટડીઝના એડિશનલ ડાયરેક્ટર એર વાઈસ માર્શલ અનિલ ગોલાની (સેવાનિવૃત્ત) એ કહ્યુ કે, સફળ પરીક્ષણ આપણા સ્વદેશી હથિયાર નિર્માણ કૌશલને દર્શાવે છે. હવે હેલીકોપ્ટર પર મિસાઈલને જોડવા, સશસ્ત્ર દળોમાં હથિયારના પ્રોડક્શન અને સંચાલન પર ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ.

મહત્વનું છે કે હેલીકોપ્ટરથી લોન્ચ થનારી એન્ટી ટેક ગાઈડેડ મિસાઈલને ભારત સરકારે રક્ષા વિનિર્માણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવા માટે આયાત પર પ્રતિબંધ લગાવી રાખ્યો છે.